**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, અમદાવાદ**

**ક્રિમિનલ અપીલ નંબર ૨૬૫૭/૨૦૦૮**

**અને**

**ક્રિમિનલ અપીલ નંબર ૭૬૦/૨૦૧૨**

**અને**

**ક્રિમિનલ અપીલ નંબર ૭૬૧/૨૦૧૨**

**મંજૂરી અને હસ્તાક્ષર માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી અનંત એસ. દવે**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. એચ. વોરા**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાવારપત્રોના રિપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવે છે? | |
| ૨. | રિપોર્ટર્સને મોકલવું કે નહિ? | |
| ૩. | શું ન્યાયમૂર્તિ ચુકાદાની આખરી નકલ જોવાં ઇચ્છે છે? | |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન કે તેનાં હેઠળ કરવામાં આવેલ કોઇ હુકમ સબબ કોઇ મહત્વપૂર્ણ કાયદાકીય | |

| | | |
|---|---|---|
| | પ્રશ્ન સમાવિષ્ટ છે? | |

==========================================================

બીજલ જગાભાઈ બાંભવા, ભરવાડ – અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય – સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ)

==========================================================

ઉપસ્થિતિ:

**ક્રિમિનલ અપીલ નં. ૨૬૫૭/૨૦૦૮ માં**

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે એડવોકેટ શ્રી દિવ્યેશ સેજપાલ

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં. ૧ તરફે એ.પી.પી. શ્રી એચ. કે. પટેલ

**ક્રિમિનલ અપીલ નં. ૭૬૦/૨૦૧૨ માં**

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે એ.પી.પી. શ્રી એચ. કે. પટેલ

સામાવાળા નં. ૧ તરફે એમ.એસ. જી. આર. વિજયાલક્ષ્મી

સામાવાળા નં. ૨–૩ તરફે શ્રી પી. એમ. લાખાણી

**ક્રિમિનલ અપીલ નં. ૭૬૧/૨૦૧૨ માં**

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે એ.પી.પી. શ્રી એચ. કે. પટેલ

સામાવાળા નં. ૧ તરફે એમ.એસ. જી. આર. વિજયાલક્ષ્મી

સામાવાળા નં. ૨–૩ તરફે શ્રી પી. એમ. લાખાણી

સામાવાળા નં. ૪ થી ૬ તરફે શ્રી પ્રતીક બારોટ

સામાવાળા નં. ૭ તરફે એમ.એસ. એસ. એમ. અહૂજા

સામાવાળા નં. ૮ તરફે શ્રી આફતાબ હુસેન અંસારી

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં. ૧ તરફે એ.પી.પી. શ્રી એચ. કે. પટેલ

=====================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ શ્રી અનંત એસ. દવે**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. એચ. વોરા**

**તારીખ : ૦૭/૦૭/૨૦૧૫**

**સી.એ.વી. ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. એચ. વોરા)**

૧. આ તમામ અપીલો સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ માં આપવામાં આવેલા સંયુક્ત ચુકાદા અને હુકમમાંથી ઉદ્ભવતી હોવાથી, સંબંધિત પક્ષકારો તરફે ઉપસ્થિત વિદ્ધાન એડવોકેટોની સંમતિથી, તથ્યો અને નિષ્કર્ષોનું પુનરાવર્તન ટાળવા માટે તેમને આખરી સુનાવણી માટે સાથે લેવામાં આવે છે અને આ સમાન ચુકાદા અને હુકમ દ્ધારા તેનો નિકાલ કરવામાં આવે છે.

૨. આરોપી નં. ૧ – શ્રી ભાવેશ ઉર્ફે ભાવિન રમેશભાઈ સોજીત્રા, આરોપી નં. ૨ – શ્રી બીજલ જગારાભાઈ બાંભવા ભરવાડ અને આરોપી નં. ૩ – શ્રી વલ્લભ અર્જન કોળીને ધ ઈન્ડિયન પીનલ કોડ (ટૂંકમાં, 'આઈ.પી.સી.') ની કલમ ૪૮૯(બી) અને ૪૮૯(સી) હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠેરવ્યા બાદ તેમને કરવામાં આવેલી સજામાં વધારો કરવા માટે ગુજરાત રાજ્ય દ્વારા ક્રિમિનલ અપીલ નં. ૭૬૦/૨૦૧૨ દાખલ કરવામાં આવેલ છે. રાજ્ય દ્વારા સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ માં આઈ.પી.સી. ની કલમ ૧૨૦બી સાથે વાંચતા કલમ ૪૮૯(એ) અને ૪૮૯(ડી) હેઠળના શિક્ષાપાત્ર ગુનાના આરોપોમાંથી આરોપી નં. ૧ થી ૭ ના નિર્દોષ છુટકારાના હુકમ સામે અને વધુમાં, સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ માં આઈ.પી.સી. ની કલમ ૧૨૦બી સાથે વાંચતા કલમ ૪૮૯(એ), ૪૮૯(બી), ૪૮૯(સી) અને ૪૮૯(ડી) હેઠળના શિક્ષાપાત્ર ગુનાના આરોપોમાંથી આરોપી – શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજીના નિર્દોષ છુટકારાના હુકમ સામે પણ ક્રિમિનલ અપીલ નં. ૭૬૧/૨૦૧૨ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે, મૂળ આરોપી નં. ૨ – શ્રી બીજલ જગારાભાઈ બાંભવા ભરવાડે વિદ્વાન પ્રેસિાઈડિંગ ઓફિસર અને એડિશનલ સેશન્સ જજ, ૧૦મા ફાસ્ટ ટ્રેક કોર્ટ, રાજકોટ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૧૮.૦૯.૨૦૦૮ ના ચુકાદા અને હુકમ સામે અલગથી ક્રિમિનલ અપીલ નં. ૨૬૫૭/૨૦૦૮ દાખલ કરેલ છે, જે દ્વારા તેમને આઈ.પી.સી. ની કલમ ૪૮૯–બી અને ૪૮૯–સી હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે સજા અને દંડ ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો

હતો.

૩. મૂળ આરોપી નં. ૧ – શ્રી ભાવેશ ઉર્ફે ભાવિન રમેશભાઈ સોજીત્રા, આરોપી નં. ૨ – શ્રી બીજલ જગારાભાઈ બાંભવા ભરવાડ અને આરોપી નં. ૩ – શ્રી વલ્લભ અર્જન કોળીને આઈ.પી.સી. ની કલમ ૪૮૯(બી) હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે ૩ વર્ષની કડક કેદ અને રૂ. ૧૦૦૦/– ના દંડ, અને દંડ ન ભરે તો વધુ ૨ મહિનાની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે અને આઈ.પી.સી. ની કલમ ૪૮૯(સી) હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે પણ તેટલી જ સજા અને દંડ ફટકારવામાં આવ્યો છે. તમામ સજાઓ સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે. જોકે, વિદ્ધાન એડિશનલ સેશન્સ જજે આઈ.પી.સી. ની કલમ ૪૮૯એ અને ૪૮૯ડી તથા કલમ ૧૨૦બી હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૧ થી ૩ નો અને સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૪ થી ૭ તથા સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ ના આરોપી – શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજીનો આઈ.પી.સી. ની કલમ ૪૮૯એ થી ૪૮૯ડી અને કલમ ૧૨૦બી હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે નિર્દોષ છુટકારો નોંધાવ્યો હતો, જ્યારે આરોપી નં. ૧ થી ૩ ને આઈ.પી.સી. ની કલમ ૪૮૯બી અને ૪૮૯સી હેઠળ દંડ સાથે ઉપરોક્ત કડક કેદ ભોગવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. અદાલતમાં એવું જણાવવામાં આવ્યું છે કે આરોપી નં. ૧ અને ૩ એ તેમને ફટકારવામાં આવેલી સજા ભોગવી લીધી છે અને તેમણે દોષસિદ્ધિ અને તેમને ફટકારવામાં આવેલી સજા સામે કોઈ અપીલ દાખલ કરી નથી.

૪. આઈ.પી.સી. ની કલમ ૪૮૯(એ) થી ૪૮૯(ડી) અને કલમ ૧૨૦બી હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓ માટે માલવિયાનગર પોલીસ સ્ટેશન, રાજકોટ ખાતે સી.આર. નં. ૨૫૨/૨૦૦૬ થી એક એફ.આઈ.આર. નોંધવામાં આવી હતી.

૫. આરોપી નં. ૧ સામે સદર એફ.આઈ.આર. નોંધવા અને ત્યારબાદ સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૨ થી ૭ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ ના આરોપી – શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજીની ધરપકડ તરફ દોરી જતા તથ્યો આ મુજબ દર્શાવી શકાય:–

૫.૧. તારીખ ૧૨.૦૯.૨૦૦૬ ના રોજ, તપાસ કરનાર અધિકારી – શ્રી એમ. એન. સરવૈયા માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ પર હતા અને જ્યારે તેઓ પોતાના સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ – શ્રી રામગર ગોસાઈને એક ગુપ્ત બાતમી મળી હતી કે સ્વામિનારાયણ ચોક, ખોડિયાર હોટલ પાસે એક વ્યક્તિ પાસે નકલી ચલણી નોટો છે. આ બાતમીના આધારે, શ્રી રામગર ગોસાઈને મળેલી ગુપ્ત બાતમી મુજબ સદર જગ્યાએ તે વર્ણન અને હુલીયાવાળી વ્યક્તિ મળી આવતાં, બે પંચોને બોલાવવામાં આવ્યા હતા અને સદર વ્યક્તિ એટલે કે હાલના આરોપી નં. ૧ ની અંગઝડતી લેતાં તેના પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૫૦૦/– ના દરની કુલ ૯૮ નકલી ચલણી નોટો મળી આવી હતી. પંચોની હાજરીમાં નકલી ચલણી નોટોનું

વિગતવાર રિકવરી પંચનામું કરવામાં આવ્યું હતું અને સદર ૯૮ નોટોને પંચનામા મુજબ સીલ કરવામાં આવી હતી અને સદર આરોપી નં. ૧ ની ધરપકડ કરવામાં આવી હતી. કેસની તપાસ દરમિયાન, તે જ દિવસે વધુ અમુક તથ્યો મળી આવતાં, પોલીસ ઈન્સ્પેક્ટર – શ્રી એમ. એન. સરવૈયા, જેઓ આ કેસના તપાસ કરનાર અધિકારી છે, તેઓ કુવાડવા રોડ પર આવેલી જલાલશા પીરની દરગાહ પાસે આવ્યા હતા. આરોપી નં. ૧ ના નિવેદનમાંથી મેળવેલા કે મેળવેલા તથ્યો પરથી, તપાસ કરનાર અધિકારીને શ્રી બીજલ ભરવાડ નામની વ્યક્તિ મળી આવી હતી અને બે પંચોની હાજરીમાં તેની અંગઝડતી લેતાં, તપાસ કરનાર અધિકારીને રૂ. ૫૦૦/– ના દરની ૨૦૦ ચલણી નોટો મળી આવી હતી. તદનુસાર, સદર નોટો જપ્ત કરવામાં આવી હતી અને તપાસના હેતુ માટે રિકવરી પંચનામા મુજબ સીલ કરવામાં આવી હતી. સદર વ્યક્તિ – શ્રી બીજલ ભરવાડ, જેઓ મૂળ આરોપી નં. ૨ છે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી નં. ૨ – શ્રી બીજલ ભરવાડની પૂછપરછ પરથી, તપાસ કરનાર અધિકારી આજી ડેમ પાસે આવેલી વાડીએ આવ્યા હતા અને શ્રી વલ્લભ કોળી નામના વ્યક્તિ એટલે કે હાલના આરોપી નં. ૩ મળી આવ્યા હતા અને બે પંચોની હાજરીમાં તેમની અંગઝડતી લેતાં, તપાસ કરનાર અધિકારીને તેમના કાપડના થેલામાંથી ૬ બંડલોમાં રૂ. ૫૦૦/– ના દરની ૫૮૦ નોટો મળી આવી હતી અને તદનુસાર, બે પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારી દ્વારા કરવામાં આવેલા વિગતવાર પંચનામા મુજબ તેને જપ્ત કરવામાં આવી હતી અને સદર આરોપી નં. ૩ – શ્રી

વલ્લભ કોળીની ધરપકડ કરવામાં આવી હતી. કેસની વધુ તપાસ દરમિયાન અને અગાઉથી ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી વધુ માહિતી મળતાં, એવું બહાર આવ્યું કે અન્ય બે વ્યક્તિઓ, એટલે કે શ્રી જીવરાજ ધુળાભાઈ વાળા અને શ્રી પ્રવીણ નજાભાઈ વાઘેલા, દેવીપૂજક, રહેવાસી ગામ: નાનીમલ, પાલિતણા, જીલ્લો: ભાવનગર આ ગુનામાં સંકળાયેલા હતા અને તેથી, તપાસ કરનાર અધિકારીએ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર – શ્રી ગઢવીને તેમના વિશે તપાસ કરવા નિર્દેશ આપ્યો હતો. સદર બે વ્યક્તિઓની પૂછપરછ પરથી માલૂમ પડ્યું કે તે બંને વ્યક્તિઓ ગુનામાં સંકળાયેલા હતા અને તેથી, આ ગુનાના સંબંધમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને આરોપી નં. ૪ અને ૫ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ફરિયાદપક્ષનો વધુમાં એવો કેસ છે કે સદર બંને આરોપીઓ એટલે કે આરોપી નં. ૪ અને ૫ ની પૂછપરછ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે નકલી ચલણી નોટો શ્રી પ્રવીણ જેરામ ચોપડા પટેલ એટલે કે આરોપી નં. ૬ નામના વ્યક્તિ પાસેથી મેળવવામાં આવી હતી અને તેથી, તે આધારે સદર આરોપી નં. ૬ ની શોધખોળ કરવામાં આવી હતી. બાવળા પોલીસ સ્ટેશનમાં સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી નોંધાયેલા ગુનાના એક કેસમાં અને અન્ય કેસોમાં તેમની ધરપકડ કરવામાં આવી હોવાથી અને સદર વ્યક્તિ કસ્ટડીમાં હોવાથી, તપાસ કરનાર અધિકારીએ ટ્રાન્સફર વોરંટ દ્વારા સદર આરોપી નં. ૬ – શ્રી પ્રવીણ જેરામ ચોપડા પટેલનો કબ્જો મેળવ્યો હતો અને હાલના ગુના/કેસના સંબંધમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. સદર આરોપી નં. ૬ – શ્રી પ્રવીણ જેરામ

ચોપડા પટેલની પૂછપરછ દરમિયાન એવું માલૂમ પડ્યું હતું કે આરોપી નં. ૬ એ અમદાવાદના રહેવાસી શ્રી દીપક કોષ્ટી અને શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજી નામના વ્યક્તિઓ મારફતે કમ્પ્યુટર દ્વારા ઉપરોક્ત નોટો છપાવી હતી. હાલના કેસ/ગુનાના સદર શ્રી દીપક કોષ્ટી બાવળા પોલીસ સ્ટેશનમાં સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી નોંધાયેલા ગુનાના સંબંધમાં કસ્ટડીમાં હોવાથી, ટ્રાન્સફર વોરંટ દ્વારા તેમનો કબ્જો મેળવવામાં આવ્યો હતો અને ત્યારબાદ, હાલના ગુના/કેસના સંબંધમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદપક્ષનો વધુમાં એવો કેસ છે કે સદર શ્રી દીપક કોષ્ટીની પૂછપરછ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે કમ્પ્યુટર અને તેને લગતા અન્ય સાધનો, જેમાં આરોપી નં. ૭ – શ્રી દીપક મનુભાઈ કોષ્ટી મરાઠા અને આરોપી નં. ૮ – શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજીએ આરોપી નં. ૬ – શ્રી પ્રવીણ જેરામ ચોપડા પટેલના કહેવાથી તે નકલી નોટો છાપી હતી, તે બાવળા પોલીસ સ્ટેશન દ્વારા સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી નોંધાયેલા ગુનાના સંબંધમાં જપ્ત કરવામાં આવ્યા છે. ત્યારબાદ, મુદ્દામાલ એટલે કે હાલના કેસમાં રિકવર કરવામાં આવેલી નકલી ચલણી નોટો, તેના પરીક્ષણ માટે એફ.એસ.એલ., ગાંધીનગર ખાતે મોકલવામાં આવી હતી.

૫.૨. તપાસ અંતર્ગત અને ઉપરોક્ત આરોપીઓ વિરુદ્ધના પુરાવાના સાહિત્ય મુજબ, વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, રાજકોટની કોર્ટમાં બે અલગ અલગ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેમણે કેસને સેશન્સ કોર્ટ, રાજકોટ

ખાતે કમિટ કર્યો હતો કારણ કે સદર કોર્ટ કેસ ચલાવવા માટે સક્ષમ હતી. અંતે, આરોપનામું ફરમાવવામાં આવ્યું હતું અને આરોપીઓએ દોષ સ્વીકાર્યો ન હતો અને કેસ ચલાવવાની માંગણી કરતાં, તેમનો કેસ ચલાવવામાં આવ્યો હતો અને માત્ર આરોપી નં. ૧ થી ૩ જ દોષિત જણાયા હતા અને ઉપરોક્ત મુજબ સજા કરવામાં આવી હતી.

૫.૩. એક તરફ આ કેસ રાષ્ટ્રના અર્થતંત્રને સ્પર્શે છે અને બીજી તરફ વ્યક્તિની સ્વતંત્રતાને સીધી રીતે અને નોંધપાત્ર રીતે અસર કરે છે, તેથી સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ માં વિદ્વાન સેશન્સ જજ – શ્રી એમ. જે. ઠાકર દ્વારા ફરમાવવામાં આવેલું આરોપનામું અને સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ માં ચુકાદો આપનાર વિદ્વાન એડિશનલ સેશન્સ જજ દ્વારા ફરમાવવામાં આવેલું આરોપનામું અહીં પુનઃ રજૂ કરવું યોગ્ય જણાય છે, જેનું ગુજરાતીમાં ભાષાંતર આ મુજબ વંચાય છે:–

આરોપનામું

સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ માં

હું, એમ. જે. ઠાકર, પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, આથી તમારા, ઉપરોક્ત જણાવેલ આરોપીઓ વિરુદ્ધ નીચે મુજબ આરોપ મૂકું છું કે,

આ કેસના ફરિયાદી અને સ્ટાફના અન્ય સભ્યો તારીખ ૧૨/૯/૦૬ ના રોજ

૨૨.૦૦ કલાકે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન તેઓને બાતમી મળતા તેઓ સ્વામિનારાયણ ચોકમાં આવેલ ખોડીયાર હોટલ પાસે જતા તમે આરોપી નં. ૧ કાળા રંગનું પેન્ટ તથા શર્ટ અને કાળા રંગની કેપ પહેરેલ હાલતમાં હાજર મળી આવેલ અને તમે આરોપી નં. ૧ એ તમારી પાસે રૂ. ૫૦૦/– ના દરની બોગસ ચલણી નોટો છે અને તે વટાવવા આવ્યા છો તેમ જણાવતા તમારી આરોપી નં. ૧ ની અંગઝડતી લેતા તમારા પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૫૦૦/– ના દરની ચલણી નોટોનું એક બંડલ મળી આવેલ. જે જોતા એક નોટ પર સીરીયલ નંબર મળી આવેલ નહી અને કુલ રૂ. ૪૯,૦૦૦/– ની ચલણી નોટો બોગસ હોવાનું જણાવેલ. તે અંગે પૂછપરછ કરતા આ નોટો તમને રાજકોટના બેચડા ગામના રહેવાસી આરોપી નં. ૨ – બીજલ જગારાભાઈ ભરવાડે આપેલ હોવાનું અને તેઓ આ નોટો આરોપી નં. ૩ પાસેથી અડધા ભાવે લાવેલ હોવાનું જણાવેલ. તમે આરોપીઓએ આ બોગસ ચલણી નોટો બજારમાં વટાવી ચલણમાં મુકવા માટે અડધા ભાવે આપેલ. આમ તમારા આરોપી નં. ૧ પાસેથી રૂ. ૫૦૦/– ના દરની રૂ. ૪૯,૦૦૦/– ના મત્તાની કુલ ૯૮ બોગસ ચલણી નોટો મળી આવેલ તથા તમારા આરોપી નં. ૨ પાસેથી રૂ. ૫૦૦/– ના દરની રૂ. ૧,૦૦,૦૦૦/– ના મત્તાની કુલ ૨૦૦ બોગસ ચલણી નોટો મળી આવેલ અને તમારા આરોપી નં. ૩ પાસેથી રૂ. ૫૦૦/– ના દરની રૂ. ૨,૯૦,૦૦૦/– ના મત્તાની બોગસ ચલણી નોટો મળી આવેલ. આમ તમે તમામ આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણું કરી ગુનાહિત કાવતરું રચી આ નોટો બોગસ હોવાનું જાણવા છતાં તેનો સાચી

ચલણી નોટો તરીકે ઉપયોગ કરી બજારમાં બોગસ ચલણી નોટો ચલણમાં મુકવામાં એકબીજાને મદદગારી કરેલ. આમ તમે આરોપીઓએ ઉપરોક્ત જણાવેલ ગુનો કરેલ છે અને તમે રાજકોટના 'માલવિયા નગર' પોલીસ સ્ટેશનના સી.આર. નં. ૨૫૨/૦૬ ના આઈ.પી.સી. ની કલમ ૪૮૯(એ), (બી), (સી) અને (ડી) તથા ૧૨૦(બી) હેઠળનો ગુનો કરેલ છે.

આમ, તમે આરોપીઓએ ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે આ કોર્ટની હુકુમતની અંદર આઈ.પી.સી. ની કલમ ૪૮૯(એ), (બી), (સી) અને (ડી) તથા ૧૨૦(બી) હેઠળ સદર ગુનો કરેલ છે અને આ કોર્ટને તેની સુનાવણી કરવાની સત્તા છે.

તેથી, હું આથી હુકમ કરું છું કે આ કોર્ટમાં તમારા આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુનાનો કેસ ચલાવવામાં આવશે.

આ આરોપનામું આજે તારીખ ૧૮/૫/૦૭ ના રોજ ખુલ્લી કોર્ટમાં મારી સહી અને કોર્ટનો સિક્કો કર્યા બાદ ફરમાવવામાં આવ્યું.

રાજકોટ

તારીખ: ૧૮/૫/૦૭

સહી/- અવાચ્ય (એમ. જે. ઠાકર)

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, રાજકોટ.

**આરોપનામું**

**સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ માં**

હું, ડી. કે. મૈસુરીયા, ૧૧મા ફાસ્ટ ટ્રેક જજ, આથી તમારા, ઉપરોક્ત જણાવેલ આરોપીઓ વિરુદ્ધ નીચે મુજબ આરોપ મૂકું છું કે –

આશરે એક વર્ષ પહેલાં, તમે આરોપી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજી, દીપક મનુભાઈ ગોષ્ઠીની દુકાને ગયા હતા અને ત્યાંથી તમે અને દીપક મનુભાઈ ગોષ્ઠી વિજય ગેસ્ટ હાઉસ ખાતે ગયા હતા અને દીપકભાઈ વેપારી તમારી સાથે ત્યાં આવ્યા હતા, અને તમે આરોપી અને દીપક મનુભાઈ ગોષ્ઠીએ રૂ. ૫૦૦/– ના દરની રૂ. ૫,૦૦,૦૦૦/– ની નકલી ચલણી નોટો છાપી હતી. તમે આ નકલી ચલણી નોટો દીપક મનુભાઈ ગોષ્ઠીના કમ્પ્યુટરમાં છાપી હતી. આમ, તમે જાણવા છતાં ચલણી નોટો નકલી બનાવવાની પ્રક્રિયા કરવાનો ગુનો કર્યો છે અને તેથી ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૮૯(એ), (બી), (સી), (ડી) અને ૧૨૦(બી) હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે.

આથી, આથી હુકમ કરવામાં આવે છે કે આ કોર્ટ સમક્ષ તમારા આરોપીઓ વિરુદ્ધ ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૮૯(એ), (બી), (સી), (ડી) અને

૧૨૦(બી) હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે કેસ ચલાવવામાં આવે.

આમ, તમે આરોપીઓએ આ કોર્ટની હુકુમત હેઠળ આવતા વિસ્તારમાં ઉપર દર્શાવેલ સ્થળ, સમય અને તારીખે આ ગુનાઓ કર્યા હોવાથી, આ કોર્ટને આ અંગે કેસ ચલાવવાની સત્તા છે.

આથી, હું આથી તમારા આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુનાના સંબંધમાં આ કોર્ટમાં કેસ ચલાવવાનો હુકમ ફરમાવું છું.

આજે તારીખ ૩૦/૧૧/૦૭ ના રોજ, મારી સહી કર્યા બાદ અને કોર્ટનો સિક્કો લગાડ્યા બાદ ખુલ્લી કોર્ટમાં ફરમાવવામાં આવ્યું.

રાજકોટ.

તારીખ. ૩૦–૧૧–૦૭.

સહી/– અવાચ્ય

૩૦/૧૧/૦૭

(ડી. કે. મૈસુરીયા)

૧૧મા ફાસ્ટ ટ્રેક જજ, રાજકોટ.

૫.૪. વિદ્વાન ટ્રાયલ જજ સમક્ષ રજૂ કરાયેલા અને સાબિત થયેલા અન્ય

સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓ ઉપરાંત, ફરિયાદપક્ષનો કેસ મુખ્યત્વે પી.ડબલ્યુ. નં. ૯–શ્રી ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, પી.ડબલ્યુ. ૧૦–શ્રી પ્રદીપસિંહ નરેન્દ્રસિંહ રાણા, પી.ડબલ્યુ. ૧૧–શ્રી રૂપરેન્દ્રસિંહ કરણસિંહ જાડેજા, પી.ડબલ્યુ. ૧૨–શ્રી રામગર દોલતગર ગોસાઈ, પી.ડબલ્યુ. ૧૩–શ્રી પ્રવીણભાઈ મેણંદભાઈ સોનારા, પી.ડબલ્યુ. ૧૬–શ્રી નલિનભાઈ ચીમનભાઈ મકવાણા, પી.ડબલ્યુ. ૧૮–શ્રી મુકેશભાઈ નંદશંકર જોશી અને પી.ડબલ્યુ. ૧૯–શ્રી મહાવીરસિંહ નવલસિંહ સરવૈયાની જુબાનીઓ પર અને વધુમાં, પી.ડબલ્યુ. ૧–શ્રી જીગ્નેશભાઈ વિનોદભાઈ આચાર્ય અને પી.ડબલ્યુ. ૨–શ્રી કૃષ્ણસિંહ લક્ષ્મણસિંહ જાડેજાની હાજરીમાં કરાયેલા આંક ૫૫ (પાનું ૧૯૨) પરના રિકવરી પંચનામા, પી.ડબલ્યુ. ૩–શ્રી વિજય ગગજીભાઈ ડોડિયા અને પી.ડબલ્યુ. ૪–શ્રી ભરતસિંહ નવલસિંહ ભાટીની હાજરીમાં કરાયેલા રિકવરી પંચનામા આંક ૫૯ (૨૦૧) અને પી.ડબલ્યુ. ૬–શ્રી ભૂપતભાઈ દલપતરામ ભટ્ટ અને ૭–શ્રી પ્રેમજીભાઈ રત્નાભાઈ મકવાણાની હાજરીમાં કરાયેલા રિકવરી પંચનામા આંક ૭૫ (પાનું ૨૨૭) પર આધારિત હતો, જે અનુક્રમે આરોપી નં. ૧ થી ૩ ની અંગઝડતીમાંથી મેળવવામાં આવ્યા હતા. સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી બાવળા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુનાના તપાસ કરનાર અધિકારી દ્વારા પ્રશ્નાસ્પદ ઘટનાના ત્રણ મહિના પહેલાં એટલે કે તારીખ ૨૬.૦૬.૨૦૦૬ ના રોજ કરવામાં આવેલું ડિસ્કવરી પંચનામું આંક ૧૧૧ તારીખ ૧૫.૧૧.૨૦૦૭ ના રોજ રેકોર્ડ પર મૂકવામાં આવ્યું હતું અને તારીખ ૩૧.૦૫.૨૦૦૭ નું

એફ.એસ.એલ. રિપોર્ટ આંક ૧૬૯ તારીખ ૧૮.૦૫.૨૦૦૭ ના રોજ આરોપનામું ફરમાવ્યા બાદ રેકોર્ડ પર મૂકવામાં આવ્યું હતું. આ તારીખનું આ મેટરમાં મહત્વ છે જ્યારે આપણે વિદ્વાન સેશન્સ જજ – શ્રી એમ. જે. ઠાકરના ન્યાયિક વર્તનની વિચારણા કરીશું, જેમણે આવા ગંભીર ગુનામાં માત્ર સહ–આરોપીઓના નિવેદનોના આધારે આરોપી નં. ૪ થી ૬ સામે આરોપનામું ફરમાવ્યું હતું, જે એક ન્યાયિક અધિકારીને ન શોભે તેવું બિનકાળજીભર્યું વર્તન દર્શાવે છે.

૬. વિદ્વાન ટ્રાયલ જજ સમક્ષ રજૂ કરવામાં આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના પ્રકાશમાં, વિવિધ દલીલો કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય તરફે ઉપસ્થિત વિદ્વાન એ.પી.પી. શ્રી એચ. કે. પટેલે મુખ્યત્વે દલીલ કરી હતી કે વિદ્વાન ટ્રાયલ જજે રેકોર્ડ પરના પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યું નથી અને ક્રિમિનલ અપીલ નં. ૭૬૧/૨૦૦૮ ના સામાવાળા નં. ૪ થી ૮ નો આઈ.પી.સી. ની કલમ ૪૮૯(એ) થી ૪૮૯(ડી) અને કલમ ૧૨૦બી હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે નિર્દોષ છુટકારો કરવામાં ગંભીર ભૂલ કરી છે અને તેથી, નિર્દોષ છુટકારાના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમમાં હસ્તક્ષેપ કરવો જરૂરી છે. વિદ્વાન એ.પી.પી. એ દલીલ કરી હતી કે રેકોર્ડ પરના સાહિત્ય અને પુરાવાઓ પરથી, દરેક આરોપી દ્વારા ભજવવામાં આવેલી ચોક્કસ ભૂમિકા રેકોર્ડ પર બહાર આવે છે અને તેથી, જેના માટે તેમના પર આરોપ મૂકવામાં આવ્યો છે તે કથિત ગુનામાં તેમની સંડોવણી પણ વ્યાજબી શંકાથી પર સાબિત થાય છે અને તેથી, વિદ્વાન ટ્રાયલ જજે સામાવાળા નં. ૪ થી ૮ ને તેમની સામે મૂકવામાં આવેલા

આરોપો માટે દોષિત ઠેરવવા જોઈતા હતા. તેમના દ્વારા ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી કે રેકોર્ડ પર ઉપલબ્ધ પુરાવાના સાહિત્યને ધ્યાનમાં લેતાં, એ સ્પષ્ટ છે કે આરોપીઓએ નકલી ચલણી નોટો ચલણમાં મૂકીને રાષ્ટ્રના અર્થતંત્રને નષ્ટ કરવાનું ગુનાહિત કાવતરું રચ્યું હતું અને તેથી, વિદ્વાન ટ્રાયલ જજે સામાવાળા નં. ૪ થી ૮ પ્રત્યે કોઈ ઉદારતા દાખવવી જોઈતી નહોતી. વિદ્વાન એ.પી.પી. એ, પી.ડબલ્યુ. ૧૯–શ્રી મહાવીરસિંહ નવલસિંહ સરવૈયાની મૌખિક જુબાની, આંક ૫૫, ૫૯ અને ૭૫ થી તેમના કહેવાથી કરવામાં આવેલા રિકવરી પંચનામા, સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી બાવળા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુનાના સંબંધમાં રિકવર કરાયેલા કમ્પ્યુટર, હાર્ડ–ડિસ્ક, પ્રિન્ટર વગેરેના આંક ૧૧૧ વાળા રિકવરી પંચનામા, નિષ્ણાત પી.ડબલ્યુ. ૧૮–શ્રી મુકેશભાઈ નંદશંકર જોશીની મૌખિક જુબાની સાથે વાંચતા આંક ૧૬૯ પરના એફ.એસ.એલ. રિપોર્ટ પર આધાર રાખ્યા બાદ, દલીલ કરી હતી કે સામાવાળા – મૂળ આરોપી નં. ૧ થી ૩ નકલી ચલણી નોટો સાથે પકડાયા હતા જે પંચનામા હેઠળ જપ્ત કરવામાં આવી હતી અને છતાં, વિદ્વાન ટ્રાયલ જજે સદર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું તેના સાચા પરિપ્રેક્ષ્યમાં યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યું નથી અને તેથી, તેના પરિણામે આરોપી નં. ૧ થી ૩ ને ઓછી સજા ફટકારવામાં આવી છે. તેમના દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે આરોપીઓ નકલી ચલણી નોટો સાથે પકડાયા હતા જે વિવિધ ત્રણ પંચનામા હેઠળ જપ્ત કરવામાં આવી હતી અને ત્યારબાદ, વધુ તપાસ દરમિયાન, અન્ય આરોપીઓના નામોનો

ખુલાસો થયો હતો અને તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. જોકે, સદર પાસાને વિદ્ધાન ટ્રાયલ જજે ધ્યાનમાં લીધું નથી અને તેથી, નિર્દોષ છુટકારાનો વાદગ્રસ્ત ચુકાદો અને હુકમ રદ અને સેટ એસાઈડ કરી શકાય અને આરોપી નં. ૧ થી ૩ ને ફટકારવામાં આવેલી સજા યોગ્ય રીતે વધારી શકાય કારણ કે ગુનાની સીધી અસર રાષ્ટ્રના અર્થતંત્ર પર પડે છે. વિદ્ધાન એ.પી.પી. એ વધુમાં દલીલ કરી હતી કે વિદ્ધાન ટ્રાયલ જજે ફરિયાદપક્ષના સાક્ષીઓ એટલે કે પી.ડબલ્યુ. નં. ૯–શ્રી ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, પી.ડબલ્યુ. ૧૦–શ્રી પ્રદીપસિંહ નરેન્દ્રસિંહ રાણા, પી.ડબલ્યુ. ૧૧–શ્રી રૂપરેન્દ્રસિંહ કરણસિંહ જાડેજા, પી.ડબલ્યુ. ૧૨–શ્રી રામગર દોલતગર ગોસાઈ, પી.ડબલ્યુ. ૧૩–શ્રી પ્રવીણભાઈ મેણંદભાઈ સોનારા, પી.ડબલ્યુ. ૧૪–શ્રી મનસુખભાઈ દેવશંકરભાઈ મઢાક, પી.ડબલ્યુ. ૧૫–શ્રી દિનેશભાઈ મુળુભાઈ ગઢવી, પી.ડબલ્યુ. ૧૭–શ્રી રાજેશકુમાર રામજીભાઈ લીંબાડ, પી.ડબલ્યુ. ૧૮–શ્રી મુકેશભાઈ નંદશંકર જોશી, પી.ડબલ્યુ. ૧૯–શ્રી મહાવીરસિંહ નવલસિંહ સરવૈયા અને પી.ડબલ્યુ. ૨૦–શ્રી સતીશચંદ્ર ગણપતરામ ખંડલાવાલના પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યું નથી. આ તમામ મૌખિક રજૂઆતો પર, એવી રજૂઆત કરવામાં આવે છે કે ગુજરાત રાજ્ય દ્ધારા દાખલ કરવામાં આવેલી અપીલો ગ્રાહ્ય રાખવામાં આવે અને બંને સેશન્સ કેસોના આરોપીઓને તેમણે કરેલા ગુના માટે, ફરમાવવામાં આવેલા આરોપનામા મુજબ અને રેકોર્ડ પર મૂકેલા પુરાવાના આધારે વ્યાજબી શંકાથી પર રાજ્ય દ્ધારા સાબિત કરાયેલા ગુના માટે યોગ્ય રીતે સજા

કરવામાં આવે.

૭. તેનાથી વિપરીત, ક્રિમિનલ અપીલ નં. ૨૬૫૭/૨૦૦૮ માં અપીલકર્તા–મૂળ આરોપી નં. ૨ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ શ્રી ડી. સી. સેજપાલ, ક્રિમિનલ અપીલ નં. ૭૬૦ અને ૭૬૧/૨૦૧૨ માં સામાવાળા નં. ૧ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ એમ.એસ. જી. આર. વિજયાલક્ષ્મી તેમજ સામાવાળા નં. ૨ અને ૩ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ શ્રી પી. એમ. લાખાણી, ક્રિમિનલ અપીલ નં. ૭૬૧/૨૦૧૨ માં સામાવાળા નં. ૪ થી ૬ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ શ્રી પ્રતીક બારોટ, સામાવાળા નં. ૭ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ એમ.એસ. એસ. એમ. અહૂજા અને સામાવાળા નં. ૮ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ શ્રી આફતાબ હુસેન અંસારી, રાજ્ય તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી એચ. કે. પટેલે જે પુરાવા અને સાહિત્ય પર આધાર રાખ્યો હતો તે જ પુરાવા અને સાહિત્ય તરફ અમારું ધ્યાન દોર્યા બાદ, એવી દલીલ કરશે કે આ એવો કેસ છે જ્યાં સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૪ થી ૭ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ ના આરોપી–શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજીને કથિત ગુના સાથે સીધી કે પરોક્ષ રીતે જોડતો એક પણ પુરાવો નથી. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટો એવી દલીલ કરશે કે ચલણી નોટો નકલી હતી અને આરોપીઓ ગુનો કરવાનો ઈરાદો કે જ્ઞાન ધરાવતા હતા તે દર્શાવવાનો બોજ ફરિયાદપક્ષ પર હતો અને વધુમાં, ફરિયાદપક્ષે નિર્ણાયક તત્વ એટલે કે મેન્સ રીયા (ગુનાહિત ઈરાદો) સાબિત કર્યું ન હતું જે આઈ.પી.સી. ની કલમ ૪૮૯એ

થી ૪૮૯ડી ના જોગવાઈઓ હેઠળ આરોપીઓનો દોષ સાબિત કરવા માટે અનિવાર્ય છે. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટો એવી દલીલ કરશે કે આઈ.પી.સી. ની કલમ ૧૨૦બી હેઠળના ગુનાહિત કાવતરાના ગુના માટે એક પણ પુરાવો નથી. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટો એવી દલીલ કરશે કે આંક ૫૫, ૫૯ અને ૭૫ વાળા રિકવરી પંચનામા કરતી વખતે પ્રક્રિયાત્મક પાસાનું પાલન ન કરવામાં તપાસમાં ઘણી વિસંગતતાઓ/ખામીઓ રહી ગઈ છે. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટો એવી દલીલ કરશે કે તપાસ કરનાર અધિકારી – પી.ડબલ્યુ. ૧૯ એ પંચનામા અને જપ્ત કરાયેલી નકલી ચલણી નોટો સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપી ન હતી અને સદર સાક્ષી દ્વારા કરવામાં આવેલા રિકવરી પંચનામા પંચો દ્વારા બોલાવવામાં આવ્યા ન હતા અને સદર નકલી ચલણી નોટો તેના પરીક્ષણ માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા કે અન્ય કોઈ સક્ષમ એજન્સીને મોકલવી જોઈતી હતી. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટો દલીલ કરે છે કે એફ.એસ.એલ. એ માત્ર પાંચ નોટોનું પરીક્ષણ કર્યું છે અને એફ.એસ.એલ. નો રિપોર્ટ પણ સદર નકલી ચલણી નોટોના કાગળની ગુણવત્તા, રંગ, દોરો, વોટર માર્ક, પ્રિન્ટિંગ અને અન્ય સંબંધિત પાસાઓ અંગે મૌન છે. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટો એવી દલીલ કરશે કે સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી બાવળા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુનાના સંબંધમાં કરવામાં આવેલા ડિસ્કવરી પંચનામા આંક ૧૧૧ હેઠળ જે મકાનમાંથી કમ્પ્યુટર,

હાર્ડ ડિસ્ક અને પ્રિન્ટર વગેરે રિકવર કરવામાં આવ્યા હતા તે મકાનની માલિકી અંગે એક પણ પુરાવો નથી. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્ધાન એડવોકેટો એવી દલીલ કરશે કે વિવિધ રિકવરી પંચનામા હેઠળ લગાવવામાં આવેલી 'લાખ' ની સીલ એફ.એસ.એલ. ને મળી ન હતી. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્ધાન એડવોકેટો એવી દલીલ કરશે કે સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૪ થી ૭ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ ના આરોપી–શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજીની ધરપકડ માત્ર સહ–આરોપીઓના નિવેદનોના આધારે જ કરવામાં આવી હતી અને તપાસ કરનાર એજન્સી દ્ધારા કોઈ વધુ પુરાવા એકત્ર કરવામાં આવ્યા ન હતા અને તેથી, સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૪ થી ૭ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ ના આરોપી–શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજી પ્રત્યે ઘણો અન્યાય થયો છે, જેઓ આશરે ૧ વર્ષ કે તેથી વધુ સમય માટે ન્યાયિક કસ્ટડીમાં રહ્યા હતા. સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્ધાન એડવોકેટો એવી દલીલ કરશે કે પી.ડબલ્યુ. ૧૯–શ્રી મહાવીરસિંહ નવલસિંહ સરવૈયાએ પોતાની હાજરીમાં આંક ૫૫, ૫૯ અને ૭૫ વાળા રિકવરી પંચનામા કરવા અંગે એક પણ શબ્દ ઉચ્ચાર્યો ન હતો અને તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે જો બધું જ પોલીસ અધિકારી દ્ધારા કરવામાં આવ્યું હોય એટલે કે તે જ અધિકારી દ્ધારા ફરિયાદ નોંધવી, ઝડતી અને જપ્તી કરવી, તો તે કેસમાં એક એવી ખામી બનશે જે ફરિયાદપક્ષના કેસની વિશ્વસનીયતા પર પ્રતિબિંબિત થવા માટે બંધાયેલી છે

અને તેથી, આ ગણતરી પર પણ ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જવો જોઈએ. છેલ્લે, સંબંધિત આરોપીઓ તરફે ઉપસ્થિત વિદ્ધાન એડવોકેટો એવી દલીલ કરશે કે ચલણી નોટો નકલી કે બનાવટી હોવા અંગે વધુ નિવેદનમાં કોઈ પણ આરોપીને કોઈ પ્રશ્ન પૂછવામાં આવ્યો ન હતો અને સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી બાવળા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા અન્ય ગુનામાં કરવામાં આવેલા ડિસ્કવરી પંચનામા આંક ૧૧૧ ના સંબંધમાં કોઈ ગુનાહિત સંજોગો અંગે પણ કોઈ આરોપીને પ્રશ્ન પૂછવામાં આવ્યો ન હતો પરંતુ, તેનાથી વિપરીત, વિદ્ધાન ટ્રાયલ જજે ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (ટૂંકમાં, 'ધ કોડ') ની કલમ ૩૧૩ હેઠળ નોંધાયેલા બંને સેશન્સ કેસોના તમામ આરોપીઓને એકસરખા પ્રશ્નો પૂછ્યા હતા અને તેથી, સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૪ થી ૭ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ ના આરોપી–શ્રી વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજી સામે ચોક્કસ આરોપનામું ન ફરમાવવા ઉપરાંત આરોપીઓ પ્રત્યે ગંભીર અન્યાય થયો છે.

૮. અમે અદાલતમાં કરાયેલી રજૂઆતોને વિસ્તારપૂર્વક સાંભળી છે, ફરિયાદપક્ષનો કેસ સાબિત કરવા માટે વિદ્ધાન ટ્રાયલ જજ સમક્ષ વિચારણા અર્થે મૂકવામાં આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની તપાસ કરી છે અને પ્રશ્નાસ્પદ ગુના માટે આરોપીઓની દોષસિદ્ધિ અને નિર્દોષ છુટકારા અંગેના નિષ્કર્ષ પર આવવામાં વિદ્ધાન ટ્રાયલ જજ દ્ધારા નોંધવામાં આવેલા હકીકતના નિષ્કર્ષોની અમે બારીકાઈથી તપાસ કરી છે, ઉપરોક્ત મુજબ.

૮.૧. સંબંધિત પક્ષકારો તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટો દ્વારા સુનાવણી પૂર્ણ થયા બાદ અને ચુકાદો સંભળાવવામાં આવે તે પહેલાં, આરોપી નં. ૭ તરફે ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ એમ.એસ. એસ. એમ. અહૂજા રેકોર્ડ પર લેખિત રજૂઆતો મૂકે છે જેને રેકોર્ડ પર લેવાનો હુકમ કરવામાં આવે છે અને વિદ્વાન એ.પી.પી. શ્રી એચ. કે. પટેલે, આવી લેખિત રજૂઆતો દાખલ થતાં, જણાવ્યું હતું કે રાજ્યે કોઈ વધુ રજૂઆતો કરવાની જરૂર નથી. એવું જણાય છે કે હાલના આરોપી નં. ૭, જેઓ સેશન્સ કેસ નં. ૧૬૧/૨૦૦૬ માં સી.આર. નં. ૯૧/૨૦૦૬ થી બાવળા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલી એફ.આઈ.આર. ના સંબંધમાં કેસનો સામનો કરી રહ્યા હતા, તેમનો તારીખ ૧૬.૦૭.૨૦૧૧ ના રોજ નિર્દોષ છુટકારો થયો હતો.

૯. હવે, અદાલતમાં કરાયેલી પરસ્પર વિરોધી રજૂઆતોનું મૂલ્યાંકન કરવાનો યોગ્ય સમય છે. અમે એ વાતથી વાકેફ છીએ કે ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ અને ધ એવિડન્સ એક્ટમાં સમાવિષ્ટ જોગવાઈઓને ધ્યાનમાં લેતાં પુરાવાના મૂલ્યાંકનના મેટરમાં, માત્ર પંચ–સાક્ષીઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેથી જ ફરિયાદપક્ષના કેસને અવિશ્વસનીય ગણીને ફગાવી દેવાની જરૂર નથી. ફોજદારી કેસમાં પંચ–સાક્ષીઓનું હોસ્ટાઈલ (મુદ્દા પરથી ફરી જવું) થવું એ અસામાન્ય નથી અને તે કોર્ટ માટે અજાણ્યું પણ નથી. તેથી, જો પોલીસ અધિકારીઓની જુબાનીઓ, જેમ કે હાલના કેસમાં, અન્યથા સાચી, વિશ્વસનીય અને ભરોસાપાત્ર જણાય, તો સાક્ષીઓ પોલીસ અધિકારીઓ છે તે

કારણસર કોઈ પણ કોર્ટ તેને ફગાવી શકે નહીં. હાલના કેસમાં તપાસ કરનાર અધિકારીઓની સત્યતા અને વિશ્વસનીયતાની વધુ બારીકાઈથી તપાસ કરવાની જરૂર છે કારણ કે પી.ડબલ્યુ. ૧૯–શ્રી મહાવીરસિંહ નવલસિંહ સરવૈયાએ માત્ર ફરિયાદ નોંધાવી ન હતી પરંતુ આરોપી નં. ૧ થી ૩ ની અંગઝડતી પણ કરી હતી અને અનુક્રમે આંક ૫૫, ૫૯ અને ૭૫ વાળા રિકવરી પંચનામા મુજબ નકલી ચલણી નોટો જપ્ત કરી હતી. કેસના આ પાસાને ધ્યાનમાં રાખીને, હવે, ચાલો રેકોર્ડ પર મૂકેલા પુરાવાઓની બારીકાઈથી તપાસ કરીએ. સુનાવણી દરમિયાન રાજ્ય તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી એચ. કે. પટેલે જે પુરાવાના સાહિત્ય પર આધાર રાખ્યો હતો તેની બારીકાઈથી તપાસ કરતાં, અમને માલૂમ પડ્યું કે ફરિયાદપક્ષના કેસની વિશ્વસનીયતા ચોક્કસપણે શંકાસ્પદ છે અને તપાસ કરનાર એજન્સી દ્વારા કરવામાં આવેલી ગંભીર ગેરરીતિ, ભૂલ અને ખામીઓના કારણે, કોઈ પણ આરોપીનો દોષિત હોવાનો નિષ્કર્ષ નોંધી શકાય નહીં અને તેથી, ફરિયાદપક્ષનો કેસ તદ્દન નિષ્ફળ જાય છે અને અમારી પાસે રાજ્ય તરફથી દાખલ કરવામાં આવેલી અપીલોને નકારવા સિવાય અને દોષિત–મૂળ આરોપી નં. ૨ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ગ્રાહ્ય રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેના સ્પષ્ટ કારણો નીચે મુજબ છે:–

૯.૧. પી.ડબલ્યુ. ૧૨–હેડ કોન્સ્ટેબલ – શ્રી રામગર દોલતગર ગોસાઈને મળેલી ગુપ્ત બાતમી કે તારીખ ૧૨.૦૯.૨૦૦૬ ના રોજ ચોક્કસ સ્થળે, સમયે કાળું પેન્ટ–શર્ટ પહેરેલી, માથા પર કેપ વાળી એક વ્યક્તિ પાસે નકલી નોટો હતી, તે

ક્યાંય નોંધવામાં આવી નથી કે અન્ય કોઈ અધિકારીઓને મોકલવામાં આવી નથી.

૯.૨. પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારી – શ્રી મહાવીરસિંહ નવલસિંહ સરવૈયાએ, સ્પષ્ટ શબ્દોમાં, સ્વીકાર્યું કે તેમણે પી.ડબલ્યુ. ૧૨ – શ્રી રામગર દોલતગર ગોસાઈ પાસેથી મળેલી સદર ગુપ્ત બાતમીને લેખિતમાં લીધી ન હતી કે પેટ્રોલીંગ દરમિયાન વાહનમાં વાયરલેસ સુવિધા ઉપલબ્ધ હોવા છતાં કંટ્રોલ રૂમને મોકલી ન હતી.

૯.૩. સદર પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારી, પાના નં. ૭ પર આંક ૧૪૩ નીચે નોંધાયેલી તેમની ઉલટતપાસમાં સ્વીકારે છે કે રિકવરી પંચનામા તેમના દ્વારા અને પંચો દ્વારા રાઈટર મારફતે નોંધવામાં આવ્યા હતા.

૯.૪. પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારી પાના નં. ૭ પર આંક ૧૪૩ નીચે નોંધાયેલી તેમની ઉલટતપાસમાં સ્વીકારે છે કે આરોપી નં. ૧ થી ૩ પાસેથી નકલી નોટોની જપ્તી/રિકવરી પહેલાં પોલીસ સ્ટાફ કે પંચ–સાક્ષીઓની કોઈ ઝાડા–ઝડતી લેવામાં આવી ન હતી.

૯.૫. સદર પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારી સ્વીકારે છે કે તેમણે આંક ૧૪૪ પરની એફ.આઈ.આર. માં જ આરોપી નં. ૧ પાસેથી રિકવર કરાયેલી

નકલી નોટોના સીરીયલ નંબર દર્શાવ્યા નથી.

૯.૬. સદર પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારી સ્વીકારે છે કે સેશન્સ કેસ નં. ૯/૨૦૦૭ ના આરોપી નં. ૪ – શ્રી પ્રવીણ નજાભાઈ વાઘેલા, આરોપી નં. ૫ – શ્રી જીવરાજ ધુળાભાઈ વાળા, આરોપી નં. ૬ – શ્રી પ્રવીણ જેરામ ચોપડા પટેલ અને સેશન્સ કેસ નં. ૬૯/૨૦૦૭ ના આરોપી – વીરેન્દ્ર ઉર્ફે વીરુ મણીલાલ દરજી પાસેથી કોઈ મુદ્દામાલ કે કોઈ ગુનાહિત સાહિત્ય રિકવર કરવામાં આવ્યું ન હતું.

૯.૭. સદર પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારી સ્વીકારે છે કે તેમણે પ્રશ્નાસ્પદ નોટો નકલી હતી કે નહીં તેની ચકાસણી કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા કે અન્ય કોઈ સક્ષમ સત્તાધિકારીને કોઈ રિપોર્ટ કર્યો નથી?

૯.૮. આશ્ચર્યજનક રીતે, પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારીને આંક ૫૫, ૫૯ અને ૭૫ વાળા રિકવરી પંચનામા દર્શાવવામાં આવ્યા ન હતા જેથી તેઓ કોર્ટ સમક્ષ એવી જુબાની આપી શકે કે તેમણે પંચ–સાક્ષીઓની હાજરીમાં પંચનામા કર્યા છે. આ હકીકત સંબંધિત બને છે કારણ કે આંક ૫૫, ૫૯ અને ૭૫ વાળા સદર પંચનામાના પંચ–સાક્ષીઓ હોસ્ટાઈલ થયા હતા અને કોર્ટને માત્ર પોલીસ અધિકારીઓના કથનો સ્વીકારવા માટે જણાવાયું છે. કેસના ઇન્ચાર્જ વિદ્વાન પ્રોસિક્યુટરે આંક ૫૫, ૫૯ અને ૭૫ વાળા રિકવરી પંચનામા

તેમની દેખરેખ અને સૂચના હેઠળ કરવામાં આવ્યા હતા તે સાબિત કરવા માટે સદર પી.ડબલ્યુ. ૧૯ – તપાસ કરનાર અધિકારીનું ધ્યાન શા માટે ન દોર્યું તે સમજવામાં અમે નિષ્ફળ જઈએ છીએ. સદર પાસું સંબંધિત છે કારણ કે આરોપીઓ પર નકલી ચલણી નોટો રાખવાનો ગુનો મૂકવામાં આવ્યો છે અને વિદ્વાન ટ્રાયલ જજે દોષિત હોવાનો નિષ્કર્ષ નોંધતી વખતે સદર પંચનામા પર આધાર રાખ્યો હતો.

